# ગાંધીનગરમાં પુરુષ જન્મ દર કરતાં સ્ત્રી જન્મદર નીચો

## ૩૫૩૪ પુરુષ બાળ જન્મ સામે ૩૧૨૯ સ્ત્રી બાળ જન્મ : જો કે નગરજનોના સરેરાશ આયુષ્યમાં વધારો નોંધાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં થતા જન્મ અને મરણના આંકડા પર નજર કરતા કેટલીક ચોંકાવનારી વિગતો સામે આવી હતી. છેલ્લા એક દાયકા દરમ્યાન પુરુષ જન્મદર સામે સ્ત્રી જન્મદર ખૂબ જ નીચો રહ્યો હતો. તેમજ મૃત્યુદરમાં પણ સ્ત્રી મૃત્યુદર ઓછો નોંધાયો હતો. આ આંકડાના આધારે જોઈએ તો શહેરમાં સરેરાશ આયુષ્યમાં સ્પષ્ટ વધારો થયેલો નોંધાયો છે.

ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે આપેલ માહિતી મુજબ વર્ષ ૨૦૧૩માં કુલ જન્મનો આંકડો ૬૬૬૩ નો હતો. જેમાં પુરુષબાળ જન્મ ૩૫૩૪ અને સ્ત્રીબાળ જન્મ ૩૧૨૯ નોંધાયા હતા. વર્ષ ૨૦૧૩ માટે મૃત્યુદરના આંકડા પર નજર કરીએ તો કુલ ૧૨૪૯ મૃત્યુ થયા હતા. જેમાં ૭૦૩ પુરુષો અને ૫૪૬ સ્ત્રીઓના મૃત્યુ નોંધાયા હતા. જન્મ મરણના આ આંકડાઓ દ્વારા એક રસપ્રદ તારણ એ પણ નીકળે છે કે છેલ્લા દાયકામાં નગરના લોકોના આયુષ્યમાં પણ વધારો થયેલ છે. કારણ કે વર્ષ દરમ્યાન થયેલા કુલ જન્મ ૬૬૧૩ સામે કુલ મૃત્યુ ૧૨૪૯ થયા હતા. મૃત્યુદરમાં નોંધપાત્ર તફાવત માટે નગરના લોકોની શારિરિક કાળજી અને મેડીકલ સવલતોમાં થયેલા વધારાને શ્રેય આપી શકાય.

છેલ્લા એક દાયકાના આંકડાઓ પર નજર કરીએ તો વર્ષ ૨૦૦૪માં કુલ ૫૧૪૭ જન્મ નોંધાયા હતા જેમાં પુરુષબાળ જન્મ ૨૯૦૯ અને સ્ત્રીબાળ જન્મની સંખ્યા ૨૨૩૮ હતી. વર્ષ ૨૦૦૪માં કુલ ૮૧૨ મૃત્યુ થયા હતા. જેમાં પુરુષોની સંખ્યા ૪૯૬ અને સ્ત્રીઓની સંખ્યા ૩૧૬ નોંધાઈ હતી. સમગ્ર આંકડાઓ પર નજર કરતા એક ચોક્કસ તારણ એ નીકળે છે કે પુરુષબાળ જન્મ સામે સ્ત્રીબાળ જન્મ દર હજુ પણ સમાજમાં સમતોલ રહી શક્યો નથી.

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ૧૯૯૬ની સાલથી નગરમાં મૃત્યુ પામેલ અનો અંતિમધામ ખાતે અંતિમ સંસ્કાર પામેલ સ્વજનોના અસ્થિનું નિઃશુલ્ક અસ્થિ વિસર્જન હરિદ્વારના હરકીપોડી ખાતે દર ત્રણ માસે નિયમિતપણે કરવામાં આવે છે. આજ સુધીમાં આ સંસ્થા દ્વારા કુલ ૨૨૭૦૦ મૃતકોના અસ્થિવિસર્જન કરી તેમના સ્વજનોની ધાર્મિક લાગણીને સન્માન આપવાની સાથે તેમના સમય અને નાણાની બચત પણ કરાવી છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અસ્થિ વિસર્જનની સાથે સાથે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરી નગરની સેવા પ્રવૃત્તિમાં પ્રાણ પુરવાનું કાર્ય કરે છે.



પર્યાવરણની રક્ષા કરશું - હોળી પ્રગટાવી લાકડા સળગાવવાથી ઉભા થતાં પર્યાવરણના પ્રશ્નો ટાળવા ગાંધીનગરના સંસ્કાર ગૃપના બાળકોએ વૃક્ષને તિલક કરી હોળી નહિ પ્રગટાવવાની અને વૃક્ષોના જતન માટેની પ્રતિજ્ઞા લીધી હતી

## હોળીમાં વિશેષ બસ સેવાના લીધે એસ.ટી.ને ૬ લાખની આવક

ગાંધીનગર, તા.૧૮

હોળી-ધુળેટીના પર્વ દરમિયાન દાહોદ-જાલોર અને સંતરામપુર રૂટમાં એસ.ટી.તંત્ર દ્વારા વધુ ૫૦ બસો દોડાવવામાં આવી હતી. ત્રણ દિવસની આ ખાસ બસ સેવાના લીધે એસ.ટી.ડેપોને અંદાજિત રૂ. ૬ લાખની આવક થઈ છે.

હોળી-ધુળેટીના રંગીન પર્વને અનુલક્ષી એસ.ટી.તંત્ર દ્વારા મુસાફરો માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે હોળી દરમિયાન ગાંધીનગરથી પંચમહાલ વિસ્તારમાં એસ.ટી.માં વિશેષ ટ્રાફિક રહેતો હોવાથી આ હદમાં વધારાની બસો દોડાવવામાં આવી હતી. નગરમાં કામ કરતા શ્રમિકોને માદરે વતન જવા માટે એસ.ટી.ડેપો દ્વારા વધુ ૫૦ બસો રૂટમાં દોડાવવામાં આવી હતી. હોળીના પર્વ દરમિયાન નગરના શ્રમિકો જાલોર, દાહોદ, સંતરામપુર સહીતના વિસ્તારમાં જવા માટે રવાના થતા હોવાથી પ્રતિ વર્ષ એસ.ટી. તંત્ર દ્વારા ટ્રાફિકને પહોંચી વળવા આ આયોજન કરવામાં આવે છે. ડેપોના સૂત્રોના જણાવ્યા મુજબ આ મુસાફરોએ માત્ર ખાનગી વાહનો આધારિત રહેવું ન પડે તે માટે ત્રણ દિવસ સુધી આ ખાસ બસ સેવા ગોઠવવામાં આવી હતી. એસ.ટી.તંત્રને આ ત્રણ દિવસીય ખાસ બસ વ્યવસ્થાના અંતે અંદાજિત રૂ. ૬ લાખની આવક થઈ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

## કિશોરીની હત્યા પાછળ માતા અને ભાઈ પર શંકાની સોય..!

### *કિશોરીના માતા-ભાઈ ઉપરાંત ૩ પડોશીઓ મળી પાંચના નાર્કો ટેસ્ટ થશે*

ગાંધીનગર, તા.૧૮

ધોળાકુવા ગામમાંથી ગુમ થયેલી ૧૫ વર્ષની કિશોરીનો મૃતદેહ ગામના પાદરેથી બીજા દિવસે કોથળામાંથી મળી આવ્યાની ચકચારી ઘટનામાં રહસ્યમય હત્યા પાછળ કિશોરીના જ માતા અને ભાઈ ઉપરાંત અન્ય ત્રણ પાડોશીઓ પર પોલીસને શંકા છે. જેને પગલે પાંચેયના નાર્કો ટેસ્ટ કરવા પોલીસ મંજુરી માંગશે. ઉલ્લેખનીય છે કે આ ચકચારી હત્યા પ્રકરણમાં સ્નિફર ડોગે પણ આ દિશામાં સંકેત આપ્યા હતાં.

ધોળાકુવા ગામની ૧૫ વર્ષની કિશોરી આશા ટીવી જોવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ લાપતા થઈ ગઈ હતી અને બીજે જ દિવસે રહસ્યમય રીતે ધોળાકુવા ગામના પાદરેથી જ વહેલી સવારે હત્યા કરીને કોથળામાં બાંધીને ફેંકી દેવાયેલી હાલતમાં કિશોરની લાશ મળી આવી હતી. ઘટના સ્થળે આવેલી પોલીસે ડૉગ સ્કવોર્ડ બોલાવતા સ્નિફર ડોગ પણ બનાવ સ્થળેથી સીધો મૃતક કિશોરીના ઘરે અને ત્યાર બાદ પાછળના બીજા મકાને જતા પોલીસ ગુંચવાઈ હતી. હવે મૃતક કિશોરીના માતા તથા ભાઈ અને અન્ય ત્રણ પડોશી પર શંકાની સોય છે. પાંચે વ્યકિતના નાર્કો ટેસ્ટ માટે પોલીસે મંજુરી માંગવા તજવીજ શરુ કરી છે.

## ચિલોડા ચાર રસ્તે ફિલ્મી સ્ટાઈલથી પોલીસો વિદેશી દારૂ પકડ્યો

### નાકાબંધી દરમ્યાન વિદેશી દારૂની બોટલ તથા સ્કૂટી મુદ્દામાલ ઝડપી પાડ્યો : યુવાન ફરાર

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ નજીક દહેગામ રોડ પર આવેલું અશ્વમેઘ કોમ્પલેક્ષ પાસે પોલીસની નાકાબંધી દરમ્યાન એક યુવાન સ્કૂટી પર વિદેશી દારૂની હેરાફેરી કરતા માલુમ પડતાં બુટલેગર સ્કૂટી અને વિદેશી દારૂની બોટલ મુકી રફુચક્કર થઈ ગયો હતો. આ અંગે મળતી માહિતી મુજબ ચિલોડા-દહેગામ જવાના માર્ગ નજીક આવેલું અશ્વમેઘ કોમ્પલેક્ષ પાસે ચિલોડા ગામના યુવાન રવિકુમાર ઉર્ફે પપ્પુ પોપટજી ઠાકોર એસ.એ. સ્કુટી નં. જીજે-૧૮-સી.એફ. ૪૯૮૦માં વિદેશી દારૂની બોટલ નંગ-૧૪ કિંમત ૪૨૦૦ લઈ હેરાફેરી કરતો

## શાહપુરમાં પ્રાયમસથી દાઝેલ મહિલાનું સારવાર દરમિયાન મોત

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના શાહપુર ગામે રહેતા દિપાબેન બારોટ પ્રાયમસમાં કેરોસીન ભરતા અચાનક ભડકો થતા જ્યોત અડી જતાં ગંભીર રીતે દાઝી જતાં સારવાર બાદ કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે મળતી વિગતો મુજબ તાલુકાના શાહપુર ગામે ગઈકાલે દિપાબેન નરેશભાઈ બારોટ (ઉં.વ. ૨૭) ઘરે પ્રાયમસમાં કેરોસીન ભરતા હતા ત્યારે અચાનક અગ્નિનો મોટો ભડકો થતા પ્રાયમસની જ્યોતમાં લપેટાઈ જતા ગંભીર રીતે દાઝી જવા પામ્યા હતા. તેમણે સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરાતા તેમનું સારવાર બાદ કરૂણ મોત નિપજતા પરિવારજનોમાં શોક અને આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. આ અંગે વધુ તપાસ ડભોડા પોલીસ ચલાવી રહી છે.



હોળીના પર્વ નિમિત્તે પાલજ ગામ ખાતે પરંપરાગત રીતે પ્રગટતી હોળીના દર્શન માટે હજારો ભક્તોની ભીડ જોવા મળી હતી. સળગતા અંગારા પર ચાલવા અને ચાલતા લોકોને જોવા શ્રદ્ધાળુઓનો ઘસારો સવારો-સવાર સુધી ચાલ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## પ્રાંતિયા રોડ પર વાહનની અડફેટે ઘટના સ્થળે અજાણ્યા યુવાનનું મૃત્યુ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા-પાલજ માર્ગ પર બેફામ ગતિએ જતાં કોઈ અજાણ્યા વાહને રાત્રીનાં સમયગાળામાં આશરે ૩૦ થી ૩૨ વર્ષના અજાણ્યા યુવાનને અડફેટે લઈ લેતા ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો દાખલ કરી મૃતક યુવાનની શોધખોળ મટે તજવીજ શરુ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમના કોલ્ડરૂમમાં મુકવામાં આવ્યો છે.

## ચિલોડા ગામે હોળી-ધૂળેટી ધામધૂમથી ઉજવાઈ

### *ધુળેટીના દિવસે સાંજે ખેલ મહોત્સવ માણવા ગ્રામજનો ઉમટી પડ્યા*

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના એકમાત્ર ચિલોડા ગામના ચોકમાં મહાકાળી માતાજીની અસીમ કૃપાથી પરંપરાગત રીતે ઉજવાયો ધુળેટી મહોત્સવનું આગવો મહિમા રહેલો છે. ચાલુ સાલે હોલીકાદહન નિમિત્તે ગામના ચોકમાં હોળી પ્રગટાવી ગ્રામજનોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. હોળીના દિવસે ધાણી-ખજૂર-હારડા-પતાસાની ખરીદી કરી રંગોત્સવમાં અવનવી રંગની પિચકારીથી બાળકો હોળી ખેલવા ઘેલા બન્યા હતા. ગામની મહિલાઓ હોલીકાદહન પ્રસંગે તાંબાના લોટામાં પાણી અને ધાણી લઈ પ્રદક્ષિણા કરી દર્શનનો અનેરો લાભ લીધો હતો.

આ રંગોત્સવ નિમિત્તે દર વર્ષે પરંપરાગત રીતે ખેલાતો ખેલમાં ક્ષત્રિય સમાજના યુવાનોએ રંગબેરંગી વેશધારણ કરી દેવદેવીઓના પાત્રો ભજવી પર્વની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ગામના ચોકના વિશાળ જગ્યાએ બેન્ડવાજા સાથે ખેલૈયાઓ વિવિધ પાત્રોની ભૂમિકામાં ખેલમાં જોડાતા ગામમાં અનેરો ઉત્સવ ગ્રામજનોએ ઉમંગથી માણ્યો હતો અને આનંદ વિભોર બન્યા હતા.

## ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ પદે કલોલના નિખિલ સિંઘાળીયાની વરણી

ગાંધીનગર, તા. ૧૮

કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈના ગાંધીનગર જિલ્લા માટે કલોલના પી.એચ.જી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના વિદ્યાર્થી નેતા નિખિલ સિંઘાળીયાની પ્રમુખ તરીકે વરણી કરાઈ છે. ઓલ ઈન્ડિયા એનએસયુઆઈના પ્રમુખ રોહિત ચૌધરીની સૂચનાથી કરાયેલી આ વરણીને કોંગ્રેસના આગેવાનો અને વિદ્યાર્થીઆલમે વધાવી હતી.

દેશભરમાં લાખો કોલેજના વિદ્યાર્થીઓ સાથે સંકળાયેલ નેશનલ સ્ટુડન્ટસ યુનિયન ઓફ ઈન્ડિયાના ગાંધીનગર જિલ્લાના સંગઠન માટે કલોલના વિદ્યાર્થી આગેવાન નિખિલ સિંઘાળીયાની વરણી કરાતા વિદ્યાર્થીઓમાં આનંદનું મોજુ ફરી વળ્યુ હતુ. એનએસયુઆઈના રાષ્ટ્રિય પ્રમુખ રોહિત ચૌધરીની સીધી સૂચનાથી કરાયેલી આ વરણીને કોંગ્રેસના ધારાસભ્યો બળદેવજી ઠાકોર, અમિત ચૌધરી, કામિનીબેન રાઠોડ, એનએસયુઆઈના મહામંત્રી ગુલાબસિંહ રાજપૂત, અંકિત બારોટ, યુવક કોંગ્રેસ પ્રમુખ જયદિપસિંહ ઠાકોર, કાઉન્સિલર હર્ષજીત પંડ્યા, જયરાજસિંહ વાઘેલા, કલોલ તાલુકા પ્રમુખ ગણપતજી ઠાકોર, રવિભાઈ રૂપાણી સહિતના કોંગ્રેસી આગેવાનોએ વધાવી નિખિલ સિંઘાળીયાને શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીની સામાન્ય ચૂંટણીઓમાં એનએસયુ.આઈનો જવલંત વિજય થયો હતો.

## આજે પેથાપુર ખાતે જીન્દાશા મદાર ઉર્સમુબારક

જીન્દાશા મદાર છીલ્લા શરીફ મદમદાર બેડા પારનો ઉર્સમુબારક પેથાપુર ખાતે આજરોજ બુધવારે શાનો સોકતથી મનાવવામાં આવશે. કાર્યક્રમનું આયોજન ખિદમતગર સિદીકભાઈ શેખ દ્વારા કરવામાં આવશે તેમ બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે.

## પ્રદૂષણ નિયંત્રણ કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી એસોસિએશન દ્વારા વર્ષ ૨૦૧૪ માટે હોદ્દદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે દિલીપસિંહ બ્રહ્મભટ્ટ, મહામંત્રી તરીકે જિયસિંહ વાઘેલા, ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ પ્રજાપતિ, મીના ભટ્ટ, સહમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલ, જી.કે. નાયી, સંગઠનમંત્રી તરીકે ભીમસિંહ વાઘેલા, ખજાનચી તરીકે ઓ.વી. કનોજી, ઓડિટર તરીકે બી.સી. વાઘેલા અને સલાહકાર તરીકે આર.એમ. પરમાર, જે.બી. ચૌહાણની નિયુક્તિ કરવામાં આવી છે.

## ગાંધીનગર જિલ્લામાં વધુ ૧૩,૧૦૬ નવા મતદારો

ગાંધીનગર, તા.૧૮

લોકસભા સમાન્ય ચૂંટણી- ૨૦૧૪ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિભાગમાં તા. ૯ અને ૧૬મી માર્ચ, ૨૦૧૪ના રોજ નવા મતદારની નોંધણી કરવા માટે ખાસ ઝુંબેશ યોજવામાં આવી હતી. જેમાં કુલ ૧૩,૧૦૬ નવા મતદારો નોંધાયા છે. સૌથી વધુ નવા મતદારોના નામની નોંધણી ગાંધીનગર(દ) વિધાનસભા મતવિભાગમાં થઈ છે. લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૪માં સૌથી વધુ મતદાન થાય અને જિલ્લાનો કોઈ મતદાર પોતાના મતાધિકારના ઉપયોગથી વંચિત ન રહી જાય તેવા ઉમદા આશયથી જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જિલ્લામાં તા. ૯ અને ૧૬મી માર્ચ, ૨૦૧૪ના રોજ નવા મતદાર નોંધણીની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૯મી માર્ચ, ૨૦૧૪ના રોજ યોજાયેલ ખાસ ઝુંબેશમાં ૩૪ - દહેગામ વિધાનસભા મતવિભાગમાં કુલ- ૧૫૦૯ મતદારોના નામની નોંધણી કરવામાં આવી હતી. જેમાં પુરુષ ૭૮૫ અને સ્ત્રી ૭૨૪ છે. ૩૫ - ગાંધીનગર (દ) વિધાનસભા મતવિભાગમાં કુલ- ૪૦૦૭ મતદારો નોંધાયા હતા. જેમાં ૨૦૦૬ પુરૂષ અને ૨૦૦૧ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. ૩૬ - ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિભાગમાં કુલ- ૩૨૨૦ મતદારોના નામની નોંધણી કરવામાં આવી હતી. જેમાં પુરૂષ મતદારો ૧૬૧૬ અને સ્ત્રી મતદારો ૧૬૦૪ છે. ૩૭ - માણસા વિધાનસભા મતવિભાગમાં કુલ- ૧૪૧૭ મતદારોનો ઉમેરો થયો છે. જેમાં ૭૧૭ પુરુષ મતદારો તથા ૭૦૦ સ્ત્રી મતદારો છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮

સૂર્યાસ્ત : ૬.૪૨

### તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૧.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૪૩ ટકા ● સાંજે ૨૦ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૨.૪૦, ૮.૧૦

: સ્ક્રીન-૨ :

ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૪ :

બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :

ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦,૧૦.૦૦

ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :

રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

બેવકૂફિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ડબ્લુય : ૧૦.૪૫, ૧૦.૦૦

ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૭.૦૦

નેબર્સ : ૪.૧૫

: સ્ક્રીન-૩ :

નેબર્સ : ૧૦.૧૫, ૯.૦૦

ડબલ્યુ : ૧૨.૩૦, ૬.૦૦

ગુલાબ ગેન્ગ : ૩.૦૦

**સૂર્યા સિનેમા (વાવોલ)**

રજવાડી બાપુને રંગ છે :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ચિરાગ સિનેમા(કલોલ)**

ગુલાબ ગેન્ગ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

### ચિરવિદાય

- સ્વ.જશોદાબેન બાબુલાલ સુથાર(ઉ.વ. ૫૯) પ્લોટ નં. ૧૮૮, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ.મધુબેન જગન્નાથ ભટ્ટ(ઉ.વ. ૭૭) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.વલમાબેન મુનમજી રાણા (ઉ.વ. ૮૦) મુ.પો. ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.બાબુભાઈ રણછોડભાઈ સોનારા(ઉ.વ. ૫૭) પ્લોટ નં. ૧૦૮૭/૧ સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ.મણીબેન રાવજીભાઈ પટેલ(ઉ.વ. ૮૦) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.